SACHIVALAYA NEW CREDIT SOCIETY
SNCS
GANDHINAGAR
Reg No. 14309
Date. 01/03/1982

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ
# કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.


બ્લોક નં. ૬, બીજો માળ, સચિવાલય સંકુલ, ગાંધીનગર.
ફોન : ૨૩૨-૫૨૯૫૪, ૨૩૨-૫૧૪૯૬.

Email : sncs1982@gmail.com | Website : https://www.sncsgujarat.org


# ૪૪મો વાર્ષિક અહેવાલ તથા હિસાબો

## સને ૨૦૨૪-૨૦૨૫

### ઓડીટ વર્ગ "અ" (સૂચિત)

2025
International Year
of Cooperatives
Cooperatives Build a Better World



# વ્યવસ્થાપક મંડળ : ૨૦૨૪-૨૦૨૫



**સુશ્રી અરૂણાબેન આઈ. પટેલ**
પ્રમુખ



**સુશ્રી શ્રુતિબહેન પી. પટેલ**
ઉપપ્રમુખ



**શ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા**
માનદ્‌મંત્રી



**શ્રી મેહુલકુમાર આર. ભટ્ટ**
સહમંત્રી



**શ્રી દર્શિત જે. જાડાવાલા**
ચેરમેન લોન સમિતિ



**શ્રી હિતેજ્ઞ જે. પટેલ**
ચેરમેન ખરીદ સમિતિ



**સુશ્રી મમતા વી. શાહ**
ચેરમેન આઈ.ટી. સમિતિ



**શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ**
ડીરેક્ટર



**શ્રી આનંદ બી. શ્રીમાળી**
ડીરેક્ટર



**શ્રી મૃણાલ ડી. છાયા**
ડીરેક્ટર



**સુશ્રી માનસી ડી. ખોખાણી**
ડીરેક્ટર



**શ્રી દિલીપકુમાર વી. દેસાઈ**
ડીરેક્ટર



**શ્રી જયદિપસિંહ આઈ. ગોહિલ**
ડીરેક્ટર



**શ્રી ધ્રુવરાજસિંહ ડી. જાડેજા**
ડીરેક્ટર



**સુશ્રી નમ્રતા પી. જાસોલિયા**
ડીરેક્ટર



**શ્રી ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા**
મેનેજર

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

## વ્યવસ્થાપક મંડળ

| અ.નં. | નામ | હોદ્દો | વિભાગ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૧ | સુશ્રી અરૂણાબેન આઈ. પટેલ | પ્રમુખ | નાણા વિભાગ | ૫૪૭૨૫ |
| ૨ | સુશ્રી શ્રુતિબહેન પી. પટેલ | ઉપપ્રમુખ | સામાન્ય વહીવટ વિભાગ | ૫૦૩૬૯ |
| ૩ | શ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા | માનદમંત્રી | ગુજરાત વિધાનસભા | ૫૩૦૩૯ |
| ૪ | શ્રી મેહુલકુમાર આર. ભટ્ટ | સહમંત્રી | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૦૭૫૩ |
| ૫ | શ્રી દર્શિત જે. જાડાવાલા | ચેરમેન લોન સમિતિ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૪૬૫૧ |
| ૬ | શ્રી હિતેજ્ઞ જે. પટેલ | ચેરમેન ખરીદ સમિતિ | ગુજરાત વિધાનસભા | ૫૩૦૯૭ |
| ૭ | સુશ્રી મમતા વી શાહ | ચેરમેન આઈ.ટી. સમિતિ | ગુજરાત જાહેર સેવા આયોગ | ૫૮૯૯૦ |
| ૮ | શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ | ડીરેક્ટર | મહેસૂલ વિભાગ | ૫૧૫૬૭ |
| ૯ | શ્રી આનંદ બી.શ્રીમાળી | ડીરેક્ટર | સામાન્ય વહીવટ વિભાગ | ૫૨૦૨૨ |
| ૧૦ | શ્રી મૃણાલ ડી. છાયા | ડીરેક્ટર | સામાન્ય વહીવટ વિભાગ | ૫૭૭૮૬ |
| ૧૧ | સુશ્રી માનસી ડી.ખોખાણી | ડીરેક્ટર | નાણા વિભાગ | ૫૦૬૬૨ |
| ૧૨ | શ્રી દિલીપકુમાર વી. દેસાઈ | ડીરેક્ટર | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૪૬૫૧ |
| ૧૩ | શ્રી જયદિપસિંહ આઈ.ગોહિલ | ડીરેક્ટર | નાણા વિભાગ | ૫૪૭૩૧ |
| ૧૪ | શ્રી ધ્રુવરાજસિંહ ડી.જાડેજા | ડીરેક્ટર | નર્મદા જળસંપત્તિ પા.પુ. અને ક. વિ. | ૫૧૭૯૭ |
| ૧૫ | સુશ્રી નમ્રતા પી. જાસોલિયા | ડીરેક્ટર | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૫૦૮૩૧ |

## કર્મચારી ગણ

| અ.નં. | નામ | હોદ્દો | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા | મેનેજર | ૫૧૪૯૬ |
| ૨ | શ્રી વિષ્ણુ એચ. પ્રજાપતિ | ક્લાર્ક | ૫૨૯૫૪ |
| ૩ | શ્રી સંજય એન. જાની | ક્લાર્ક | ૫૨૯૫૪ |
| ૪ | શ્રી પરેશ એ. દવે | પટાવાળા | ૫૨૯૫૪ |

## ઓડિટર્સ

**શ્રી જયદેવ પરમાર એન્ડ કુ.**
૨૦૧, બીજો માળ, શુભ કોમ્પલેક્ષ,
સેક્ટર-૨૧, ગાંધીનગર.
(મો) ૯૮૨૫૪ ૪૪૬૯૯

## બેંકર્સ

૧. **ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લિ.**
પાટનગર શાખા, ગાંધીનગર. ફોનઃ૨૩૨૨૨૩૧૯

૨. **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
સચિવાલય સંકુલ, ગાંધીનગર. ફોન-૨૩૨૨૧૪૪૫

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ
# કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

## વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ

આથી સર્વે સભાસદોને જણાવવામાં આવે છે કે આપણી સોસાયટીની ૪૪મી વાર્ષિક સાધારણ સભા **તા. ૧૧-૦૬-૨૦૨૫ ને બુધવારના રોજ સાંજે ૬-૧૫ કલાકે કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે મળશે.** કોરમના અભાવે મુલતવી રહેલ સાધારણ સભા સોસાયટીના પેટા નિયમ-૩૧ ની જોગવાઈ પ્રમાણે અડધા કલાક પછી તે જ દિવસે અને તે જ સ્થળે મળશે અને નીચે દર્શાવેલ કાર્યસુચિ પ્રમાણે કામકાજ હાથ ધરશે.

(૧) સોસાયટીના સ્વર્ગીય સભાસદ સર્વશ્રી (૧) સ્વ.બ્રિજેશ બી.નરવે (સ.ક્ર. ૩૨૩૮), ગુજરાત વિધાનસભા, (૨) સ્વ. અપૂર્વ જે. દવે (સ.ક્ર. ૩૪૬૦), ગુજરાત વિધાનસભા, (૩) સ્વ. રમેશભાઈ એમ.ચૌધરી (સ.ક્ર. ૩૬૦૮) નાણાં વિભાગ, (૪) સ્વ. હેતલકુમાર આર.પટેલ (સ.ક્ર. ૩૩૯૯) સામાન્ય વહીવટ વિભાગને શોકાંજલી આપવા બાબત.

(૨) મંડળીના પેટા નિયમ પરિશિષ્ટ-'બ' ની જોગવાઈ મુજબ તા. ૧૦-૦૬-૨૦૨૫ ને મંગળવારના રોજ યોજાનાર વ્યવસ્થાપક મંડળના સભ્યોની ચૂંટણીના પરીણામની જાહેરાત બાબત.

(૩) ગત તારીખ ૨૬-૦૬-૨૦૨૪ને બુધવારના રોજ મળેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ મંજુર રાખવા અંગે.

(૪) (અ) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબો મંજુર રાખવા અંગે.

(બ) માર્ચ - ૨૦૨૫ અંતિત ચોખ્ખા નફાની ફાળવણી અંગે વ્યવસ્થાપક મંડળે કરેલ ભલામણ મંજુર કરવા અંગે.

(૫) વર્ષ ૨૦૨૫-૨૦૨૬નું મહેસુલી અંદાજપત્ર મંજૂર કરવા અંગે. પાના નં. ૬

(૬) સોસાયટીના પેટાનિયમોમાં સુચવેલ પાના નં. ૧૫ પરના સુધારાઓને મંજૂરી આપવા બાબત.

(૭) સંસ્થાના સભાસદોને વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં સહકારી કાયદાની મર્યાદામાં ભેટ આપવા મંજૂરી આપવા અંગે.

(૮) સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના મંડળીના આંતરિક હિસાબો તપાસવા વ્યવસ્થાપક મંડળે કરેલ ઓડીટરની નિમણૂંકને બહાલી આપવા અને આગામી વર્ષ સને ૨૦૨૫-૨૬ માટે આંતરિક ઓડીટરની નિમણૂંક કરવાની વ્યવસ્થાપક મંડળને સત્તા આપવા અંગે.

(૯) વર્ષ દરમ્યાન સોસાયટીની વસુલાત માટે વિવિધ વિભાગો/કચેરીઓના રોકડશાખાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તથા કેશીયરશ્રીઓનો સોસાયટીને મળેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરવા બાબત.

(૧૦) પ્રમુખશ્રીની અનુમતિથી રજુ થતા અન્ય પ્રશ્નો/રજૂઆતો અંગે.

તારીખ : ૦૪-૦૫-૨૦૨૫
સ્થળ : ગાંધીનગર

વ્યવસ્થાપક મંડળ વતી,
**અરૂણા પટેલ**
પ્રમુખ

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ
# કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

## પ્રમુખ સ્થાનેથી

માનવંતા સભાસદ મિત્રો,

આપણી સંસ્થાની ૪૪મી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેને હૃદયપૂર્વક આવકારૂ છું. સંસ્થાના વ્યવસ્થાપક મંડળ દ્વારા સને ૨૦૨૪-૨૦૨૫ના મંજુર થયેલ વાર્ષિક હિસાબો તથા આંતરિક અન્વેષણ અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવુ છું. સર્વે સભાસદ મિત્રો, વ્યવસ્થાપક સમિતિના મારા સાથી મિત્રો અને થાપણદાર મિત્રોના સાથ સહકાર તેમજ કર્મચારી મિત્રોની કર્તવ્યનિષ્ઠાથી સંસ્થા અવિરત પ્રગતિ કરી રહી છે. પ્રગતિની વિગતો વ્યવસ્થાપક મંડળના અહેવાલમાં મારા સાથી મિત્ર અને સંસ્થાના માનદમંત્રીશ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા દ્વારા વિગતવાર દર્શાવેલ છે. તેથી પુનરાવર્તન ન કરતાં કેટલીક મહત્ત્વની બાબતો તરફ આપનું ધ્યાન દોરૂ છું.

સને ૨૦૨૪-૨૫માં સંસ્થાના વ્યવસ્થાપક મંડળ દ્વારા સભાસદોના હીતમાં મુખ્યત્વે નીચે મુજબના અગત્યના નિર્ણયો લેવામાં આવેલ છે.

૧. ચાલુ વર્ષે સરકારશ્રી દ્વારા રૂા ૫૦,૦૦૦-૦૦ સુધીના ધિરાણ પર ભરવાની સ્ટેમ્પડ્યુટી માફ કરવામાં આવતા આપણી સંસ્થા દ્વારા પણ આપવામાં આવતા રૂા ૫૦,૦૦૦-૦૦ સુધીના ખાસધિરાણ પર રૂા ૬૫૦-૦૦ ની સ્ટેમ્પડ્યુટી ભરવામાંથી સભાસદોને મુક્તી આપવામાં આવેલ છે.

૨. સંસ્થાના સભાસદોને આપવામાં આવતા આકસ્મીક ધિરાણની મર્યાદા રૂા ૫૦૦૦-૦૦ થી વધારીને રૂા ૨૦,૦૦૦-૦૦ કરવાનો નિર્ણય ચાલુ વર્ષે વ્યવસ્થાપક મંડળ દ્વારા લેવામાં આવેલ છે. હવે સભાસદો રૂા ૨૦,૦૦૦-૦૦ સુધીનું ધિરાણ તરતજ મેળવી શકશે.

૩. ચાલુ વર્ષે વ્યવસ્થાપક મંડળ દ્વારા કર્મચારીઓને આપવમાં આવતા મહત્તમ ધિરાણની મર્યાદા રૂા. ૫,૦૦,૦૦૦-૦૦ થી વધારીને રૂા. ૭,૦૦,૦૦૦-૦૦ કરવાનો નિર્ણય સર્વે સભાસદોનાં હિતમાં લેવામાં આવેલ છે.

૪. આપણી સંસ્થાની વેબસાઈટ સંપૂર્ણપણે કાર્યરત થઈ ગયેલ હોઈ હવે સભાસદો સંસ્થાની તેમજ તેમની વ્યક્તીગત માહીતી વેબસાઈટ પર લોગીન કરીને જોઈ શકે છે.

૫. આપણી સંસ્થાના સભાસદો તેમજ નિવૃત્ત સભાસદો પોતાની બચતોનું મહત્તમ રોકાણ સંસ્થામાં કરી શકે તે માટે ગત વર્ષે સંસ્થા દ્વારા નિવૃત્ત કર્મચારીઓનો સ્નેહમિલન કાર્યક્રમ કરવામાં આવેલ છે.

૬. ૨૦૨૪-૨૫ના વર્ષ દરમ્યાન અવસાન પામેલ ૧ સભાસદના વારસદારને રૂા ૨ લાખની સહાય સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે.

**નફો :**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સંસ્થાએ **રૂા. ૮૫,૧૮,૫૫૪.૩૮** નો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ નફો કરવાની સિધ્ધિ હાસલ કરેલ છે તે આપણા સર્વે તથા સંસ્થા માટે ગૌરવ લઈ શકાય તેવી બાબત છે.

**થ્રિફ્ટ ફંડ વ્યાજ અને શેર ડિવિડન્ડ :**

સંસ્થાની અવિરત પ્રગતિ અને વિકાસના પરિપાક રૂપે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં થ્રિફ્ટ ફંડ ઉપર **૮%** વ્યાજ તથા શેર ઉપર **૧૨.૫%** પ્રમાણે ડિવિડન્ડ ચુકવવાની ભલામણ કરવામાં આવી છે.

**કેશ ક્રેડિટ :**

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક દ્વારા મંજુર થયેલ કેશ ક્રેડિટની મર્યાદા રૂા.૪.૭૫ કરોડની મંજૂર કરવામાં આવી છે. જે માટે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના ચેરમેનશ્રી અજયભાઇ પટેલ, અધિકારીશ્રી કિરીટભાઇ ઠાકર તથા બેંક ઇન્સ્પેક્ટરશ્રી રાકેશભાઇ પટેલનો હૃદયપૂર્વક આભાર માનું છું.

**સભાસદ કલ્યાણ ફંડ :**

સંસ્થાના સભાસદ તથા કર્મચારીના અવસાનના કીસ્સામાં રૂા.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ) પૂરાની સહાય જેમાં સંસ્થા દ્વારા ૩,૦૦,૦૦૦/- તથા ૭,૦૦,૦૦૦/- સંસ્થાના સભાસદો પાસે ફાળો ઉઘરાવીને આપવામાં આવે છે. સંસ્થાના સભાસદોને ભવિષ્યમાં નિવૃત્તિ પેટે ચૂકવવાના ખર્ચને પહોંચી વળવા માટે સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષમાં સભાસદ કલ્યાણ ફંડમાં રૂા ૩૭,૬૪,૩૯૭-૦૦ જેટલી માતબર રકમની ફાળવણી સૂચવેલ છે.

**ભોજન વ્યવસ્થા :**

આથી સર્વે સભાસદ મિત્રોને જણાવતાં હર્ષની લાગણી અનુભવુ છું કે, આપણી આગામી તા. ૧૧-૦૬-૨૦૨૫ને બુધવારના રોજ સાંજે ૬-૧૫ કલાકે યોજાનાર સાધારણ સભામાં ભોજનની વ્યવસ્થા સાંજે ૭.૩૦ કલાકે કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખેલ છે. ભોજન વ્યવસ્થામાં અવ્યવસ્થા કે અસુવિધા ઉપસ્થિત થાય નહી તે માટે દરેક સભાસદે પોતાના આઇ-કાર્ડ સાથે સાધારણ સભામાં હાજર રહેવા વિનંતી છે. વધુમાં ભોજન વ્યવસ્થા ફક્ત સભાસદ પૂરતી સિમિત રાખેલ છે જેની નોંધ લેવા વિનંતી છે.

**સભાસદ ભેટ અંગે :**

સાધારણ સભાની અનુમતિથી દર વર્ષે સભાસદોને રૂા. ૭૫૦ની મર્યાદામાં ભેટ આપવામાં આવે છે. તેમાં ગત વર્ષે રૂા.૨૫૦/- નો વધારો કરી રૂા.૧૦૦૦/- ની મર્યાદામાં સભાસદોને ભેટ આપવામાં આવી હતી.

સમગ્ર વર્ષ દરમ્યાન સતત કાર્યદક્ષતા અને ઉત્સાહ દાખવી રોજ-બરોજની કામગીરીમાં સક્રિય રસ લેનારા મારા સાથી મિત્ર અને માનદમંત્રીશ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન નિરંતર સાથ સહકાર અને માર્ગદર્શન પુરૂ પાડવા બદલ મારા તમામ સાથી હોદ્દેદાર મિત્રો અને વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ હોદ્દેદાર મિત્રો, એસોશિએશનના હોદ્દેદાર મિત્રો, સંસ્થાના મેનેજર અને કર્મચારીગણ, સંસ્થાના આંતરિક ઓડિટરશ્રી રાકેશ પારેખ, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સ્ટેટ બેંકના મેનેજરશ્રી તથા કર્મચારી મિત્રો તેમજ ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના અધિકારીશ્રી ઠાકર સાહેબ, બેંક ઇન્સ્પેક્ટર શ્રી રાકેશભાઇ પટેલ, મેનેજર શ્રી તેમજ સર્વે કર્મચારીગણ, જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી કોદરભાઈ પટેલ, સંસ્થાના પ્રોગ્રામર શ્રી સુનિલભાઈ શુકલ, તેમજ વર્ષ દરમ્યાન સોસાયટીની વસુલાત નિયત સમયમર્યાદામાં કરવા બદલ તમામ વિભાગની રોકડશાખાના કર્મચારીઓ, કેશિયરશ્રીઓ અને અધિકારીશ્રીઓ તરફથી મળેલ સહયોગ અને સહકાર બદલ વ્યક્તીગત રીતે અને સંસ્થાવતી હાર્દિક આભાર માનુ છું.

અંતમાં સંસ્થા વધુને વધુ પ્રગતિ સાધે અને સિધ્ધિના સર્વોચ્ચ શિખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છા સાથે વિરમુ છું.

**અરૂણા પટેલ**
પ્રમુખ

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

## વ્યવસ્થાપક મંડળનો અહેવાલ સને ૨૦૨૪-૨૦૨૫

૩૧મી માર્ચ ૨૦૨૫ના રોજ પૂરા થતા આપણી સોસાયટીના ૪૪મા વર્ષનો અહેવાલ અને હિસાબો આપની સમક્ષ રજૂ કરતા અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

**સભાસદ સંખ્યા : ૨૨૦૦**

તા. ૩૧મી માર્ચ ૨૦૨૪ના રોજ પુરા થતાં વર્ષના અંતે સોસાયટીની સભ્ય સંખ્યા ૨૧૯૦ હતી જેમાં વર્ષ દરમ્યાન કુલ ૮૧ નવા સભાસદોને પ્રવેશ આપવાથી કુલ સભ્ય સંખ્યા ૨૨૭૧ થવા પામેલ, જે પૈકી વર્ષ દરમ્યાન ૨ સભાસદના અવસાન થવાથી, ૪૮ સભાસદો નિવૃત્ત થવાથી અને ૨૧ સભાસદોએ સ્વૈચ્છિક રાજીનામા આપવાના કારણે છૂટા થવાથી તા. ૩૧મી માર્ચ ૨૦૨૫ને અંતે કુલ સભાસદ ૨૨૦૦ રહેવા પામેલ છે. વર્ષ દરમ્યાન દિવંગત સભાસદોના વારસદારને મૃત્યુસહાય પેટે રૂા. ૨,૦૦,૦૦૦/- તથા નિવૃત્ત સભાસદોને નિવૃત્તિ સહાય પેટે રૂા. ૯,૬૦,૦૦૦/- ચૂકવવામાં આવેલ છે.

**ધિરાણ :**

સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ દરમ્યાન સોસાયટી દ્વારા ધિરાણ અને વસુલાત ક્ષેત્રે પ્રશંસનિય કામગીરી બજાવવામાં આવેલ છે. જે સોસાયટીના વ્યવસ્થાપક મંડળના સહિયારા પુરૂષાર્થનું પરિણામ છે. સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંતે સોસાયટીની ધિરાણ બાકી રૂા. ૩૧,૬૭,૩૬,૨૫૦/- હતી જયારે સને ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષ દરમ્યાન રૂા. ૧૩,૧૪,૦૨,૩૫૦/-નું ધિરાણ કરેલ છે. આમ તા. ૩૧મી માર્ચ ૨૦૨૫ને અંતે કુલ ધિરાણ રૂા. ૪૪,૮૧,૩૮,૬૦૦/- થયેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન રૂા. ૧૩,૨૩,૫૦,૬૬૦/-ની વસુલાત થયેલ છે. આમ તા. ૩૧મી માર્ચ ૨૦૨૫ના રોજ રૂા. ૩૧,૫૭,૮૭,૯૪૦/- ધિરાણ બાકી રહે છે.

**બાંધી મુદત થાપણ :**

તા. ૦૯-૧૦-૨૦૧૯ થી સંસ્થામાં થાપણો સ્વિકારવાની શરૂ કરવામાં આવેલ હતી જેમાં ઉત્તરોત્તર વધારો થતાં તા. ૩૧-૦૩-૨૦૨૫ ના રોજ થાપણ બાકી રૂા. ૧૪,૩૭,૭૨,૮૫૬/- રહેવા પામેલ છે

**બચત, સ્પે. બચત, રીકરીંગ થાપણ અને સ્પે. રીકરીંગ થાપણ :**

સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ દરમ્યાન બચત, સ્પે. બચત, રીકરીંગ થાપણ અને સ્પે. રીકરીંગ થાપણ ખાતામાં નાણાનો પ્રવાહ સતત ચાલુ રહેવા પામેલ છે. જેને પરિણામે તા. ૩૧-૩-૨૦૨૫ ના રોજ અનુક્રમે બચત ખાતામાં રૂા. ૧,૧૫,૮૨,૩૬૩/- સ્પે. બચત ખાતામાં રૂા. ૫,૦૨,૬૮,૨૧૮/-, રીકરીંગ ખાતામાં રૂા. ૨૭,૬૯,૨૦૦/- અને સ્પે. રીકરીંગ ખાતામાં રૂા. ૫૨,૫૨,૦૦૦/- મળી કુલ એકત્રિત બચત રૂા. ૬,૯૮,૭૧,૭૮૧/- રહેવા પામેલ છે. આ માટે સોસાયટીમાં વિશ્વાસ અને શ્રધ્ધા સાથે બચત, રીકરીંગ અને થાપણ મુકનાર તમામ થાપણદારોનો વ્યવસ્થાપક મંડળ હાર્દિક આભાર માને છે.

**ફરજિયાત બચત (થ્રિફટફંડ) પર વ્યાજ :**

સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ દરમ્યાન જમા આવેલ થ્રિફટ ફંડની રકમ પર વ્યવસ્થાપક મંડળ દ્વારા પેટા નિયમ-૫૬(૨)ની જોગવાઈ મુજબ ૮% વ્યાજની જોગવાઈ કરવામાં આવેલ છે.

**શેર ડિવિડન્ડ :**

સને ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષ દરમ્યાન વસુલ આવેલ તેમજ જમા બાકી રહેતા શેર ફાળાની રકમ પર વ્યવસ્થાપક મંડળ દ્વારા સહકારી કાયદાની જોગવાઈ અનુસાર ૧૨.૫ ટકા ડિવિડન્ડ ચુકવવાનું સુચવવામાં આવે છે.

**નફાની ફાળવણી :**

સને ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષના અંતે રૂા ૮૫,૧૮,૫૫૪-૩૮ નફો થવા પામેલ છે. જેની ફાળવણી નીચે મુજબ સુચવેલ છે.

| ક્રમ | વિગત | ટકા | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૦ | ૮,૫૧,૮૫૫.૦૦ | ૪૩,૩૫,૧૫૭.૩૮ |
| ૨ | શેર ડિવિડન્ડ (તા. ૦૧-૦૪-૨૦૨૪થી તા.૩૧-૦૩-૨૦૨૫ દરમ્યાન વસુલ આવેલ અને જમા રહેલ શેર ભંડોળ પર) | ૧૨.૫ | ૧૯,૭૪,૮૭૬.૦૦ | |
| ૩ | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ (તા.૦૧-૦૪-૨૦૨૪થી તા.૩૧-૦૩-૨૦૨૫ દરમ્યાન વસુલ આવેલ શેર ભંડોળ પર) | ૧ | ૧૭,૬૭૯.૩૮ | |
| ૪ | શિક્ષણ ફંડ | ૨.૫ | ૨,૧૨,૯૬૪.૦૦ | |
| ૫ | ડૂબત નિધિ ફંડ | ૧૫ | ૧૨,૭૭,૭૮૩.૦૦ | ૪૩,૩૫,૧૫૭.૩૮ |
| | **બાકી વહેંચણીપાત્ર નફો** | | | ૪૧,૮૩,૩૯૭.૦૦ |
| ૬ | સહકાર પ્રચારફંડ | | ૩,૬૯,૦૦૦.૦૦ | |
| ૭ | ધર્માદાફંડ | | ૫૦,૦૦૦.૦૦ | |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | | ૩૭,૬૪,૩૯૭.૦૦ | ૪૧,૮૩,૩૯૭.૦૦ |
| | **કુલ ફાળવણી** | | | ૮૫,૧૮,૫૫૪.૩૮ |

## મહેસુલી અંદાજપત્ર સને ૨૦૨૫-૨૦૨૬

| આવક | રકમ રૂા. | જાવક | રકમ રૂા. |
|---|---|---|---|
| વ્યાજ આવક | ૩,૩૫,૦૦,૦૦૦.૦૦ | વ્યાજ ખર્ચ | ૧,૯૦,૦૦,૦૦૦.૦૦ |
| અન્ય આવક | ૨૦,૦૦,૦૦૦.૦૦ | વહીવટી તથા અન્ય ખર્ચ | ૮૫,૦૦,૦૦૦.૦૦ |
| | | નફો | ૮૦,૦૦,૦૦૦.૦૦ |
| **કુલ** | **૩,૫૫,૦૦,૦૦૦.૦૦** | **કુલ** | **૩,૫૫,૦૦,૦૦૦.૦૦** |

વ્યવસ્થાપક મંડળ વતી,

**જસ્મીનકુમાર પી. કાવઠિયા**

માનદમંત્રી

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

## ચુંટણીની જાહેરાત અને કાર્યક્રમ

(૧) વ્યવસ્થાપક મંડળના વર્તમાન સભ્યો સર્વ (૧) શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ (૨) શ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા (૩) શ્રી આનંદ બી. શ્રીમાળી (૪) શ્રી મૃણાલ ડી. છાયા (૫) સુશ્રી માનસી ડી.ખોખાણી પેટા નિયમની જોગવાઇ મુજબ ક્રમાનુસાર નિવૃત્ત થાય છે. આ પાંચ જગ્યા માટે તા. ૦૪-૦૫-૨૦૨૫ની બોર્ડ મિટીંગીમાં નક્કી થયા મુજબ આગામી તા. ૧૦-૦૬-૨૦૨૫ ને મંગળવારના રોજ ચુંટણી યોજવામાં આવનાર છે. નિવૃત્ત થતાં વ્યવસ્થાપક મંડળના સભ્યો પણ ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૨) મતદારયાદીમાં નોંધાયેલા હોય તે પૈકી કોઇ પણ સભ્ય ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૩) ઉમેદવારી પત્રક માન્ય રાખવા કે રદ કરવા તેમજ ચુંટણી અંગેના કોઇપણ વિવાદ બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૪) મતદારોએ મતદાન વખતે વિભાગ / કચેરી તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે. ઓળખપત્ર કે અન્ય ઓળખ માટે પુરાવાઓ ન હોય તેવા સંજોગોમાં મતદાન કરવા દેવું કે કેમ? તે બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૫) ઉમેદવારી પત્રક સાથે મતદાર યાદી રૂા. ૨૫/- ની કિંમત ચુકવ્યેથી સોસાયટીના કાર્યાલયના સમય દરમ્યાન મળી શકશે.

(૬) ઉમેદવારી પત્રક સાથે રૂા. ૨૫૦.૦૦ (રૂપિયા બસો પચાસ પુરા) ડીપોઝીટ તરીકે આપવાના રહેશે.

(૭) ચુંટણીમાં થયેલ કુલ મતદાનના ૧૦% કરતાં ઓછા મત મેળવનાર ઉમેદવારની ડીપોઝીટની રકમ જપ્ત થશે.

(૮) ચુંટણી અધિકારીની નિમણુંક અંગેની જાહેરાત સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે.

## ચુંટણી કાર્યક્રમ

| અ.નં. | કાર્યક્રમની વિગત | તારીખ | વાર | સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧. | ઉમેદવારી પત્રકની વહેંચણી | ૧૯-૦૫-૨૦૨૫ થી ૨૩-૦૫-૨૦૨૫ | સોમવાર થી શુક્રવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૨. | ઉમેદવારી પત્રક ભરીને પરત કરવા અંગે | ૧૯-૦૫-૨૦૨૫ થી ૨૩-૦૫-૨૦૨૫ | સોમવાર થી શુક્રવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૩. | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદ પ્રાથમિક યાદીની પ્રસિધ્ધિ | ૨૩-૦૫-૨૦૨૫ | શુક્રવાર | સાંજના ૬-૧૫ કલાકે | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૪. | ઉમેદવારી પત્રક પરત ખેંચવા અંગે | ૨૬-૦૫-૨૦૨૫ થી ૨૭-૦૫-૨૦૨૫ | સોમવાર થી મંગળવાર | સવારના ૧૧ થી સાંજના ૬ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૫. | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદની આખરી યાદીની પ્રસિધ્ધિ | ૨૭-૦૫-૨૦૨૫ | મંગળવાર | સાંજના ૬-૧૫ કલાકે | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૬. | ગુપ્ત મતદાન દ્વારા ચુંટણી અને ચુંટણી સ્થળ | ૧૦-૦૬-૨૦૨૫ | મંગળવાર | સવારના ૧૦ થી સાંજના ૬-૧૦ સુધી | સચિવાલય સંકુલ બ્લોક નં. ૬ના ભોંયતળીયે. |
| ૭. | મત ગણતરી | ૧૦-૦૬-૨૦૨૫ | મંગળવાર | સાંજના ૮ કલાક થી | જુના સચિવાલય કેન્ટીન |
| ૮. | વિધિસરના પરિણામની જાહેરાત | ૧૧-૦૬-૨૦૨૫ | બુધવાર | ૬-૧૫ કલાકે | ઉમીયા માતાજી સંસ્થાન કલેક્ટર કચેરી સામે સે-૧૨ |

તારીખ : ૦૪-૦૫-૨૦૨૫
સ્થળ : ગાંધીનગર

વ્યવસ્થાપક મંડળ વતી,
**શ્રુતિબહેન પી. પટેલ**
ઉપપ્રમુખ

## ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ

**તા.૨૬-૦૬-૨૦૨૪ ને બુધવાર ના રોજ યોજાયેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ**

આજ રોજ તા.૨૬-૦૬-૨૦૨૪ ને બુધવારે સાંજે ૬-૧૫ કલાકે કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સોસાયટીની વાર્ષિક સાધારણ સભા મળેલ જે નોન કોરમ થતાં અડધા કલાક બાદ એટલે કે ૬-૪૫ કલાકે પેટા નિયમ ૩૧ ની જોગવાઈ મુજબ તે જ સ્થળે સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

આજની સભામાં અધ્યક્ષ તરીકે સંસ્થાના પ્રમુખશ્રી કીર્તિભાઈ એલ. પટેલના નામની દરખાસ્ત સંસ્થાના માનદમંત્રીશ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ દ્વારા કરવામાં આવી જેને સંસ્થાના સહમંત્રી શ્રી આનંદ બી. શ્રીમાળી દ્વારા ટેકો આપવામાં આવતાં સાધારણ સભાના અધ્યક્ષ તરીકે શ્રી કીર્તિભાઈ એલ. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી અને નીચે દર્શાવેલ કાર્યસૂચિ પ્રમાણે સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**ઠરાવનં.૧**

સોસાયટીના સ્વર્ગીય સભાસદ સર્વશ્રી (૧) સ્વ. સુરેશકુમાર એ. શર્મા (૩૧૪૮), માર્ગ અને મકાન વિભાગ, (૨) સ્વ. ભરતકુમાર વી. ડામોર (૩૫૫૮) નર્મદા જળ સંપત્તિ, પા.પૂ. અને કલ્પસર વિભાગને આજની સભા શોકાંજલી અર્પણ કરે છે, અને તેઓના આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી પાઠવે છે.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવનં. ૨**

આજની સામાન્ય સભામાં સોસાયટીના પેટા નિયમ પરિશિષ્ટ 'બ' ની જોગવાઈ પ્રમાણે તા.૨૫-૦૬-૨૦૨૪ને મંગળવારના રોજ વ્યવસ્થાપક મંડળના સભ્યોની થયેલ ચૂંટણી સમરસ થતાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી વિજયસિંહ પી. ચાવડા દ્વારા બાકી રહેલ નીચે મુજબનાં પાંચ ઉમેદવારોને વિજેતા જાહેર કરવામાં આવ્યા જેને સાધારણ સભાએ સહર્ષ સ્વીકારી મંજૂરી આપી. વિજેતા ઉમેદવારોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ઉમેદવારનું નામ |
|---|---|
| ૧ | શ્રી દર્શિત જયંતકુમાર જાડાવાલા |
| ૨ | શ્રી ધ્રુવરાજસિંહ દશરથસિંહ જાડેજા |
| ૩ | સુશ્રી નમ્રતા પ્રવિણભાઈ જાસોલિયા |
| ૪ | સુશ્રી મમતા વિજયભાઈ શાહ |
| ૫ | શ્રી મેહુલકુમાર રજનીભાઈ ભટ્ટ |

આમ ઉપર્યુક્ત પાંચ ઉમેદવારો વિજેતા જાહેર કરવામાં આવ્યા.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૩**

આજની સભામાં સોસાયટીની ગત તા.૩૦-૦૬-૨૦૨૩ ને શુક્રવાર ના રોજ મળેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લેવામાં આવી વિસ્તૃત ચર્ચાના અંતે મંજૂર રાખવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૪**

(અ) આજની સભામાં સને ૨૦૨૩-૨૪ ના વર્ષના વાર્ષિક અહેવાલ તથા તા. ૩૧-૦૩-૨૦૨૪ના રોજ પૂર્ણ થતાં નાણાકિય વર્ષના હિસાબો વંચાણે લેવામાં આવ્યા અને મંજુર રાખવાનું ઠરાવાયું

(બ) માર્ચ-૨૦૨૪ અંતિત ચોખ્ખા નફાની ફાળવણી અંગે વ્યવસ્થાપક મંડળે કરેલ નીચે મુજબની નફાની ફાળવણીને બહાલી આપવામાં આવી.

## નફાની ફાળવણી

સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંતે રૂા ૮૩,૧૦,૪૩૫.૫૧ નફો થવા પામેલ છે. જેની ફાળવણી નીચે મુજબ સુચવેલ છે.

| ક્રમ | વિગત | ટકા | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૦ | ૮,૩૧,૦૪૪.૦૦ | |
| ૨ | શેર ડિવિડન્ડ (તા. ૦૧-૦૪-૨૦૨૩થી તા.૩૧-૦૩-૨૦૨૪ દરમ્યાન વસુલ આવેલ અને જમા રહેલ શેર ભંડોળ પર) | ૧૪ | ૧૯,૮૬,૭૩૬.૦૦ | |
| ૩ | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ (તા.૦૧-૦૪-૨૦૨૩થી તા.૩૧-૦૩-૨૦૨૪ દરમ્યાન વસુલ આવેલ શેર ભંડોળ પર) | ૧ | ૨૭,૮૬૬.૫૧ | |
| ૪ | શિક્ષણ ફંડ | ૨.૫ | ૨,૦૭,૭૬૦.૦૦ | |
| ૫ | ડૂબત નિધિ ફંડ | ૧૫ | ૧૨,૪૬,૫૬૫.૦૦ | ૪૨,૯૯,૯૭૧.૫૧ |
| | **બાકી વહેંચણીપાત્ર નફો** | | | ૪૦,૧૦,૪૬૪.૦૦ |
| ૬ | સહકાર પ્રચારફંડ | | ૩,૦૦,૦૦૦.૦૦ | |
| ૭ | ધર્માદાફંડ | | ૧,૦૨,૦૦૦.૦૦ | |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | | ૩૬,૦૮,૪૬૪.૦૦ | ૪૦,૧૦,૪૬૪.૦૦ |
| | **કુલ ફાળવણી** | | | ૮૩,૧૦,૪૩૫.૫૧ |

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૫**

આજની સભામાં વાર્ષિક વહીવટી અહેવાલના પાના નં.૯ ઉપર દર્શાવેલ આગામી સને ૨૦૨૪-૨૫ ના વર્ષનું મહેસુલી અંદાજપત્ર વંચાણે લેવામાં આવ્યું અને વિસ્તૃત ચર્ચાને અંતે મંજૂર રાખવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૬**

આજની સભામાં સરકારી ઓડીટરનો સને ૨૦૨૨-૨૩ નો ઓડિટ અહેવાલ વંચાણે લેવામાં આવ્યો. વિસ્તૃત ચર્ચાને અંતે મંજૂર રાખવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૭**

આજની સભામાં વાર્ષિક વહિવટી અહેવાલના પાના નં. ૧૨ થી ૧૪ પરનાં સૂચિત પેટા નિયમમાં સુધારા વંચાણે લેવામાં આવ્યા અને પેટા નિયમ ૮(૮)(૧), ૪૮(અ)(૬), ૪૮(ફ)૪(ક), ૪૮(ફ)૪(ડ), ૫૬(૧), ૫૬(૪) તથા એપેન્ડીક્સ - ''અ'' વિભાગ કચેરીઓની યાદી સુધારા માટે સાધારણ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા. વિસ્તૃત ચર્ચાને અંતે ૫૬(૧) સિવાયના સૂચિત પેટા કાયદા સુધારા સિવાય જ્યારે ૫૬(૧) માં થ્રિફ્ટ ફંડની મહત્તમ મર્યાદા વ્યવસ્થાપક સમિતિ દ્વારા રૂા.૨૦૦૦-૦૦ સૂચવેલ પરંતુ સાધારણ સભા દ્વારા રૂા.૧૦૦૦-૦૦ ની થ્રિફ્ટ ફંડની મર્યાદા અંગેની સંમતિ આપવામાં આવતા તે મુજબ સુધારા કરવાનું સર્વાનુમતે ઠરાવાયું.

## પેટા નિયમોમાં સુચિત સુધારાઓ

| | | | |
|---|---|---|---|
| ૮(૮)(૧) | જે વ્યક્તિ મંડળીના પેટાનિયમ ૮(૧) ના પરિશિષ્ટ ''અ'' અન્વયે સભાસદ નહી હોય અને મંડળીમાં બાંધી મુદત થાપણ કે ચાલુ મુદત થાપણ (બચત ખાતા, રીકરીંગ) વગેરેમાં રકમ મુકવા ઇચ્છા ધરાવતી હશે તે વ્યક્તિ રૂા. ૫૦-૦૦ દાખલ ફી ભરીને નોમીની સભાસદ થઇ શકશે. નોમીની સભાસદની મુદત દાખલ ફી ભર્યા તારીખથી ત્રણ વર્ષ સુધીની રહેશે. નોમીની સભાસદને વ્યવસ્થાપક સમિતિ વખતો વખત ઠરાવે તે મુજબ બચતખાતા, રીકરીંગ, થાપણ કે બાંધી મુદત થાપણમાં રકમ મુકવા સિવાયના અને નોમીની સભાસદને મંડળીના સામાન્ય સભાસદને મળવાપાત્ર કોઇપણ પ્રકારના હક્ક કે લાભ મળી શકશે નહી. | જે વ્યક્તિ/સંસ્થા મંડળીના પેટાનિયમ ૮(૧)ના પરિશિષ્ટ ''અ'' અન્વયે સભાસદ નહી હોય અને મંડળીમાં બાંધી મુદત થાપણ કે ચાલુ મુદત થાપણ (બચત ખાતા, રીકરીંગ) વગેરેમાં રકમ મુકવા ઇચ્છા ધરાવતી હશે તે વ્યક્તિ/સંસ્થા રૂા. ૫૦-૦૦ દાખલ ફી ભરીને ''નોમીની સભાસદ'' થઇ શકશે. નોમીની સભાસદની મુદત દાખલ ફી ભર્યા તારીખથી ત્રણ વર્ષ સુધીની રહેશે. નોમીની સભાસદને વ્યવસ્થાપક સમિતિ વખતો વખત ઠરાવે તે મુજબ બચતખાતા, રીકરીંગ, થાપણ કે બાંધી મુદત થાપણમાં રકમ મુકવા સિવાયના અને નોમીની સભાસદને મંડળીના સામાન્ય સભાસદને મળવાપાત્ર કોઇપણ પ્રકારના હક્ક કે લાભ મળી શકશે નહી. | સંસ્થાઓને નોમીની સભાસદ બનાવી ડીપોઝીટ સ્વિકારવા માટે |
| ૪૮(અ)(૬) | સભાસદોના અવસાનના સંજોગોમાં મહત્તમ રૂા. ૩,૦૦,૦૦૦-૦૦ ની મર્યાદામાં અને સોસાયટીમાં સળંગ દશ વર્ષ સુધી સભાસદ રહ્યા બાદ સોસાયટીમાંથી રાજીનામું આપનાર સભાસદને રૂા. ૧૫૦૦૦-૦૦ (અંકે | સભાસદોના અવસાનના સંજોગોમાં મહત્તમ રૂા. ૩,૦૦,૦૦૦-૦૦ની મર્યાદામાં અને સોસાયટીમાં સળંગ દશ વર્ષ સુધી સભાસદ રહ્યા બાદ સોસાયટીમાંથી રાજીનામું આપનાર સભાસદને રૂા. ૨૦૦૦૦-૦૦ (અંકે | સભાસદની નિવૃત્તિ સમયે સહાયમાં વધારો કરવાના આશયથી. |

| | | | |
|---|---|---|---|
| | રૂપિયા પંદર હજાર પુરા) (સંસ્થાના પ્રવર્તમાન નિયમોનુસાર) નિવૃત્તિફંડ ચુકવવામાં આવશે. આ બધી રકમોની કપાત થાય પછીનો બાકી રહે તે ચોખ્ખો નફો ગણાશે. | રૂપિયા વીસ હજાર પુરા) (સંસ્થાના પ્રવર્તમાન નિયમોનુસાર) નિવૃત્તિફંડ ચુકવવામાં આવશે. આ બધી રકમોની કપાત થાય પછીનો બાકી રહે તે ચોખ્ખો નફો ગણાશે. | |
| ૪૮(ફ) ૪(ક) | નિવૃત્તિફંડ કે મૃત્યુફંડ ચુકવવાપાત્ર સભાસદના રાજીનામા કે મૃત્યુ પ્રસંગે રેકર્ડ પર નોંધાએલ સભાસદ દીઠ નિવૃત્તિફંડ કે મૃત્યુફંડ માટે અનુક્રમે રૂા. ૫-૦૦ અને રૂા. ૩૦-૦૦ની મહત્તમ મર્યાદામાં વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી રકમ સભાસદ પાસેથી ફાળો ઉઘરાવી એકત્ર થયેલ રકમ ''સભાસદ કલ્યાણફંડ'' ખાતે જમા કરવામાં આવશે. | નિવૃત્તિફંડ કે મૃત્યુફંડ ચુકવવાપાત્ર સભાસદના દરેક રાજીનામા કે મૃત્યુ પ્રસંગે રેકર્ડ પર નોંધાએલ સભાસદ દીઠ નિવૃત્તિફંડ અને મૃત્યુફંડ માટે અનુક્રમે રૂા. ૨૫ અને રૂા. ૧૦૦૦ ની મહત્તમ મર્યાદામાં વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી રકમ સભાસદ પાસેથી ફાળો ઉઘરાવી એકત્ર થયેલ રકમ ''સભાસદ કલ્યાણફંડ'' ખાતે જમા કરવામાં આવશે. | સભાસદના અવસાન કે નિવૃત્તિ સમયે સહાયમાં વધારો કરવાના આશયથી. |
| ૪૮(ફ)૪ ડ(૨) | સોસાયટીના સભાસદના અવસાનના સંજોગોમાં મહત્તમ રૂા. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ની મર્યાદામાં મૃત્યુફંડ પેટે તેવા સભાસદની સોસાયટીની બાકી લ્હેણી રકમ વસુલ લઈ વારસદારને ચુકવી આપવામાં આવશે. | સભાસદના અવસાનના સંજોગોમાં મહત્તમ રૂા. ૧૦,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા દશ લાખ પુરા) ની મર્યાદામાં જેમાં રૂા. ૩,૦૦,૦૦૦-૦૦ સંસ્થા દ્વારા તથા બાકીના રૂા. ૭,૦૦,૦૦૦-૦૦ સભાસદના અવસાન સમયે સંસ્થા ખાતે નોંધાયેલ સભાસદો પાસેથી સરખા ભાગે ફાળો એકત્ર કરીને ફાળામાંથી મૃત્યુફંડ પેટે તેવા સભાસદની સોસાયટીની બાકી લ્હેણી રકમ વસુલ લઈ વારસદારને ચુકવી આપવામાં આવશે. | સભાસદના અવસાન સમયે સહાયમાં વધારો કરવાના આશયથી. |
| ૫૬(૧) | સોસાયટી ફરજીયાત બચત (થ્રીફટફંડ) એકત્ર કરશે. જેમા તમામ સભાસદે દર મહીને વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી પરંતુ મહત્તમ રૂા. ૫૦૦-૦૦ ની મર્યાદામાં રકમ ફરજીયાત બચત (થ્રીફટફંડ) તરીકે અચુક આપવાની રહેશે. | સોસાયટી ફરજીયાત બચત (થ્રીફટફંડ) એકત્ર કરશે. જેમા તમામ સભાસદે દર મહીને વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી પરંતુ મહત્તમ રૂા. ૨૦૦૦ ની મર્યાદામાં રકમ ફરજીયાત બચત (થ્રીફટફંડ) તરીકે અચુક આપવાની રહેશે. | સોસાયટીના સભાસદોની બચતો દ્વારા સ્વભંડોળ વધારવા ના આશથી. |

| | | | |
|---|---|---|---|
| ૫૬(૪) | સભાસદ પાસેથી લ્હેણી થયેલ ફરજીયાત બચત (થ્રીફ્ટફંડ) ની રકમ લ્હેણી થયેલ તારીખથી ૬૦ દિવસની અંદર વસુલ ન આવે તો તે સમયગાળાની લ્હેણી થયેલ ફરજીયાત બચત (થ્રીફ્ટફંડ)ની રકમ પર વિલંબ થયેલ પ્રતિમાસ રૂા. ૫-૦૦ લેખે વિલંબીત વ્યાજ વસુલ લેવામાં આવશે. | સભાસદ પાસેથી લ્હેણી થયેલ ફરજીયાત બચત (થ્રીફ્ટફંડ) ની રકમ લ્હેણી થયેલ તારીખથી ૬૦ દિવસની અંદર વસુલ ન આવે તો તે સમયગાળાની લ્હેણી થયેલ ફરજીયાત બચત (થ્રીફ્ટફંડ)ની રકમ પર વિલંબ થયેલ પ્રતિમાસ રૂા. ૫૦-૦૦ લેખે વિલંબીત વ્યાજ વસુલ લેવામાં આવશે. | ફરજીયાત બચત (થ્રીફ્ટ ફંડ)ની વસુલાત સમયસર સંસ્થામાં જમા આવે તે હેતુસર. |
| એપેન્ડીક્ષ “અ” | વિભાગો અને કચેરીઓની યાદી<br>કૃષિ અને સહકાર વિભાગ/<br>અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ / શ્રમ અને રોજગાર વિભાગ / નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ/ રમતગમત, યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ<br>નવો<br>નવો<br>નવો | વિભાગો અને કચેરીઓની યાદી<br>કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ/ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ / શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ / નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ /રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ / બંદરો અને વાહન વ્યવહાર વિભાગ / ક્લાઈમેટ ચેન્જ વિભાગ / મહીલા અને બાળ વિકાસ વિભાગ / વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | વિભાગોના નામમાં ફેરફાર તથા નવા વિભાગ અસ્તિત્વમાં આવવાથી. |

ઉપરોક્ત સુધારા પૈકી પેટાનિયમ - ૫૬(૧) અંગેના સુધારામાં સભાસદ ક્રમાંક - ૪૯૫૮ શ્રી જયદિપદાન ગઢવી તથા શ્રી અરવિંદ રાવલ સ.ક્ર. ૪૩૯૩ દ્વારા રૂા. ૨૦૦૦-૦૦ થ્રિફ્ટ ફંડની મહત્તમ મર્યાદા ને સ્થાને રૂા. ૧૦૦૦-૦૦ કરવા સૂચન કરવામાં આવ્યું. સાધારણ સભા દ્વારા સંમતિ આપવામાં આવતાં થ્રિફ્ટ ફંડની મહત્તમ મર્યાદા રૂા. ૧૦૦૦-૦૦ મુજબનો સુધારો મંજૂર કરવાનું ઠરાવાયું

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૮**

આજની સભામાં સંસ્થાના સભાસદોને વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષના નફા માંથી આપવામાં આવતી ભેટ બાબતે ચર્ચા કરવામાં આવી અને સહકારી કાયદાની મર્યાદામાં સભાસદોને ભેટ આપવી તેમ ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૯**

આજની સભામાં સોસાયટીના સને ૨૦૨૩-૨૪ ના વર્ષના આંતરીક હિસાબો અને વાર્ષિક અન્વેષણ માટે વ્યવસ્થાપક મંડળ દ્વારા નિમવામાં આવેલ ઓડીટરશ્રી જયદેવ પરમાર એન્ડ કું. ની નિમણૂંકને બહાલી આપવામાં આવી અને આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે આંતરિક અન્વેષકની નિમણૂંક કરવાની સત્તા વ્યવસ્થાપક મંડળને સોંપવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજુર**

**ઠરાવ નં.૧૦**

આજની સભામાં સમગ્ર વર્ષ દરમિયાન સંસ્થાના ધિરાણની વસૂલાત માટે સચિવાલયના વિવિધ વિભાગો અને કચેરીઓના રોકડ શાખાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ અને કેશીયરશ્રીઓ નો સોસાયટીને મળેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**- ઠરાવ સર્વાનુમતે મંજુર**

**ઠરાવ નં.૯ પ્રમુખ સ્થાનેથી, સભાના અધ્યક્ષની મંજૂરીથી**

(૧) આજની સભામાં શ્રી સાવન રૈયાણી સ.ક્ર. ૫૧૭૯ દ્વારા ફીક્સ પગાર અને ફુલ પગારના કર્મચારીઓને આપવામાં આવતી લોન સરખી આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવતાં સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા આ બાબતે બોર્ડ આગામી સમયમાં સૂચન ધ્યાને લઈ વિચારણા કરશે તેમ જણાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજુર**

(૨) આજની સભામાં શ્રી નિયત પટેલ, સભાસદ ક્રમાંક ૩૬૧૧ દ્વારા સંસ્થા દ્વારા લેવાયેલ વ્યાજદર વધારા અંગેનો નિર્ણય તેમજ થાપણ ઓટો રીન્યુ કરવા અંગેનો નિર્ણય બાબતે વ્યવસ્થાપક સમિતિની પ્રશંસા કરવામાં આવી સાથે સાથે તેઓ દ્વારા પ્રિમેચ્યોર થાપણના કેસમાં સભ્યોને આપવામાં આવતાં બચતના વ્યાજને બદલે લાગુ પડતાં સમયગાળાને અનુરૂપ વ્યાજદર મુજબ વ્યાજ ચૂકવવું તેવું સૂચન કરવામાં આવ્યુ. સાથે સાથે જુની થાપણો પણ ઓટો રીન્યુ કરવામાં આવે તેમ સૂચન કરવામાં આવ્યુ જે અંગે સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા આ અંગે આગામી વ્યવસ્થાપક સમિતિની મીટીંગમાં સૂચન પરત્વે ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું.

(૩) આજની સભામાં શ્રી યુવરાજસિંહ ડી. ચાવડા સ.ક્ર.૪૫૫૦ દ્વારા કરવામાં આવેલ લેખિત રજૂઆત પ્રમુખશ્રી દ્વારા વંચાણે લેવામાં આવી તેઓની રજૂઆત બાબતે આગામી વ્યવસ્થાપક સમિતિની મીટીંગમાં ચર્ચા વિચારણા કર્યા બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમ પ્રમુખશ્રી દ્વારા ખાતરી આપવામાં આવી.

**- ઠરાવ સર્વાનુમતે મંજુર**

અન્ય કોઇ કામગીરી બાકી ન રહેતાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી માનસીબેન ડી. ખોખાણી દ્વારા હાજર રહેલા સભાસદો, વ્યવસ્થાપક મંડળ, સંસ્થાના મેનેજર, કર્મચારી મિત્રો, ચૂંટણી અધિકારીશ્રી વિજયસિંહ પી. ચાવડા તથા ઉમિયામાતા સંસ્થાનનો આભાર માનવામાં આવ્યો અને સભાની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

**(કીર્તિ એલ. પટેલ)**
પ્રમુખ

**(વિશ્વજીતસિંહ જી. ચૌહાણ)**
માનદમંત્રી

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

## ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષના થ્રિફ્ટફંડ વ્યાજ, શેર ડિવિડન્ડની ચુકવણી અંગેની જાહેરાત

આથી તમામ સભાસદ મિત્રોને જણાવવાનું કે, સને ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષનું થ્રિફ્ટફંડ વ્યાજ તથા શેર ડિવિડન્ડની રકમ સભાસદ મિત્રોના સ્પે. બચતખાતામાં તા. ૧૦/૦૭/૨૦૨૫ના રોજ જમા આપવામાં આવશે ત્યારબાદ સભાસદ ઇચ્છે ત્યારે પોતાના સ્પે. બચત ખાતામાંથી રકમ ઉપાડી શકશે.

### અગત્યની સુચના

(૧) સને ૨૦૨૪-૨૦૨૫ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો પૈકી કોઇ મુદ્દા અંગે સાધારણ સભામાં સ્પષ્ટતા મેળવવા ઈચ્છતા સભાસદ મિત્રોએ, સાધારણ સભામાં યોગ્ય ખુલાસો થઇ શકે તે માટે મુદ્દાઓની અગાઉથી લેખિતમાં જાણ બે નકલમાં ૩૧-૦૫-૨૦૨૫ ને શનિવાર સુધીમાં કાર્યાલયમાં કરવાની રહેશે અન્યથા પ્રમુખશ્રીની મંજુરીથી પ્રશ્નો પુછી શકાશે.

(૨) વાર્ષિક હિસાબો, સરવૈયા અને નફા-નુકશાન ખાતાને સંબંધિત પ્રશ્નો અલગ-અલગ કાગળ પર આપવાના રહેશે.

(૩) સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના વાર્ષિક અહેવાલની નકલ સાધારણ સભામાં અવશ્ય સાથે લાવવા વિનંતી છે.

(૪) તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીના શેર સર્ટીફીકેટ તૈયાર છે. જે સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

